**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૬૬ ટકા

# અનલોક-૩માં ફિલ્મના ઈન્ટરવલ લાંબા કરાશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં અલગ અલગ પ્રકારનો મિજાજ ધરાવતા નગરજનો વસવાટ કરી રહ્યા છે. દરેકના શોખ પણ અલગ અલગ છે. કોઈ સાદગીમાં માને છે તો કોઈ શો-ઓફ કરવામાં. કોઈ ગાડી વગર બહાર નથી નીકળતું તો અમુક ટુ વ્હીલરથી કામ ચલાવી લે છે. પરંતુ કોવિડ-૧૯ બાદ તમામ નગરજનોના મિજાજમાં બદલાવ આવ્યો છે. દર રવિવારે ઘરની બહાર હરવા ફરવા જવું જ અને એક ફિલ્મ જોવી જ પડે તેવું માનતા નગરજનો આજે થીએટરથી માર્ચથી લઈ આજ દીન સુધી દૂર રહ્યા અને હવે અનલોક-૩ આવનાર છે ત્યારે નગરના જીમ સાથે થિએટરો પણ ખુલશે તેમ ચર્ચા થઈ રહી છે ત્યારે નગરના થિએટરો જો ખુલે તો કોવિડ-૧૯ને લઈ અનેક તકેદારીના પગલા લેવા પડશે અને જો આ કોરોનાની પરિસ્થિતિમાં થિએટર શરુ કરવા પડે તો તે અંગે તૈયારીના પગલા રૂપે થિએટર ઉદ્યોગ સાથે જોડાયેલ તમામ સજ્જ છે.

કોરોનાના કપરા કાળ દરમિયાન છેલ્લા ચાર કે પાંચ મહિનાથી થિએટર્સને તાળા વાગેલા છે. આ સમયગાળા દરમિયાન પણ જરુરી મશીનરી અને આનુસંગીક વ્યવસ્થાની જાળવણી થઈ શકે તે માટે સમયાંતરે સફાઈ કામગીરી સતત કરવામાં આવતી હતી. બીજી તરફ હવે થિએટર્સ શરુ કરવા માટે થોડી ઘણી હીલચાલ થઈ રહી છે ત્યારે શરૂઆતના દિવસોમાં થિએટર્સની સાફ સફાઈનું કામ મુખ્ય બની રહેશે. ત્યારબાદ પરિસ્થિતિને ધ્યાને લઈ સરકાર જે નિર્ણય લેશે તે મુજબ જરૂરી ગાઈડલાઈનનું પાલન કરી થિએટર્સ ફરી શરૂ કરવાની દિશામાં ગતિવિધિઓ હાથ ધરાશે. જો સરકાર દ્વારા થિએટર ખોલવાની મંજુરી આપવામાં આવે તો થિએટર્સ ઉદ્યોગ સાથે જોડાયેલ તમામ કોવિડ-૧૯ને લઈ અલગ અલગ પ્રકારના સેફટી મેઝર્સને ધ્યાનમાં લઈ પુરતું ધ્યાન આપશે. જેમાં થિએટર ખુલે તેના શરૂઆતના દિવસોમાં ઓછામાં ઓછા પંદર દિવસ સુધી જાહેર જનતા માટે થિએટર ખુલ્લું નહી મુકાય. આ દિવસોમાં અમુક જરુરી તૈયારી સાથે સંપૂર્ણ સાફ સફાઈ કરાશે. ઉપરાંત થિએટરની ટિકીટ ઓનલાઈન બુક થશે અને પેમેન્ટ પણ ઓનલાઈન કરવાનું ફરજીયાત રહેશે. કયુઆર કોડથી ટિકીટનું વેરિફિકેશન થઈ શકશે. ઉપરાંત એન્ટ્રીમાં જ આવનારનું ટેમ્પ્રેચર ચેકીંગ થશે. માસ્ક ફરજીયાત રહેશે અને જે ગ્રાહકને પીપીઈ કીટ ખરીદવી હોય તેમના માટે સરકાર દ્વારા જે ભાવ નક્કી છે તે મુજબ વૈકલ્પિક રીતે ઉપલબ્ધ રહેશે. ઈન્ટરવલ લાંબા થઈ શકે છે કારણ કે વોશરૂમ અને પાણી પીવા માટે ભીડ જમા ન થઈ જાય તે માટે સર્કલ બનાવ્યા હશે જે મુજબ જ કામગીરી થશે. દરેક જગ્યાએ સેનેટાઈઝર ઉપલબ્ધ રહેશે. આ સિવાય ડ્રાય નાસ્તો જ મળશે અને તેને પણ સેનિટાઈઝ કરીને જ ગ્રાહકને અપાશે. સાથે સીટીંગ એરેન્જમેન્ટમાં એક ફેમિલી આવે તો તેમને એક સાથે જ સીટ આપી તેમના આજુબાજુની સીટ ખાલી રાખવામાં આવશે તથા સીંગલ ગ્રાહક માટે એક સીટી છોડી બીજી સીટમાં બેસીને ફીલ્મ નિહાળવાની સુવિધા રાખવામાં આવશે. આ ઉપરાંત એક શૉ પતે એટલે તરત જ સ્કીન સેનિટાઈઝ કરવામાં આવશે.

**જો કોવિડ-૧૯ દરમિયાન થિએટર ખૂલે તો :**

- શરૂઆતમાં જ ચેકીંગને બદલે હવે બોડી ટેમ્પ્રેચર ચેક થશે.
- માસ્ક ફરજીયાત રહેશે.
- ખૂણે ખૂણે સેનેટાઈઝર હશે.
- ઓનલાઈન બુકીંગ અને પેમેન્ટ ફરજીયાત રહેશે.
- કયુઆર કોડથી વેરીફીકેશન થશે.
- સરકાર દ્વારા નક્કી કરાયેલા દરથી વૈકલ્પિક ધોરણે પીપીઈકીટ મળી રહેશે.
- ઈન્ટરવલ લાંબા થઈ શકે છે.
- સિટીંગ અરેન્જમેન્ટમાં એક સીટ છોડી બીજાને બેસવું પડશે.
- થિએટરમાં ડ્રાય નાસ્તો જ ઉપલબ્ધ રહેશે.

## શહેરમાં પી.પી.ઈ. કીટ પહેરીને પણ ફિલ્મ નિહાળી શકાશે




## ભીંસમાં મુકાયેલા મધ્યમવર્ગીય પરિવારની મદદે આવતા શહેરના સેવાભાવી યુવાનો

કોરોના મહામારીએ સમગ્ર જનજીવનને ખૂબ ઘેરી અસર કરી છે. લોકડાઉનના કારણે અનેક વેપાર-ધંધા વ્યવસાય અત્યંત કફોડી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે જેના કારણે આ પ્રકારના ખાનગી એકમોમાં કાર્યરત



નોકરિયાતોને નોકરી ગુમાવવી પડી રહી છે. આ સ્થિતિમાં મધ્યમવર્ગીય પરિવારની હાલત એવી હોય છે કે સામાજિક મોભાને કારણે કોઈ પાસે હાથ લાંબો પણ કરી શકતા નથી અને ઘરનું ગુજરાન ચલાવવું પણ આકરું થઈ પડયું હોય છે. કયારેક આવા મધ્યમ પરિવારો શહેરના સેવાભાવી સ્વયંસેવકો જેઓ 'ગાંધીનગર વોલિયન્ટર્સ' ના નામથી એક જુથ થઈને સેવાકાર્યો કરી રહ્યા છે અને તેઓ મદદ પ્રાપ્ત કરનારની ઓળખ પણ છતી કરતા નથી તેમના ધ્યાનમાં આવે છે અને મદદની આશા સેવે છેત્યારે આ ગૃપના સેવાભાવી યુવાનો તેમના પ્રયાસો કામે લગાડી આ મધ્યમવર્ગીય પરિવારોનું સ્વમાન-સન્માન જળવાય તે રીતે ખાનગીમાં મદદરૂપ પણ બને છે અને તેમને નિરાશાની ગર્તામાં ધકેલાતાં અટકાવે છે. સેકટર-૨૧માં ખાનગી પેઢીમાંથી છુટા કરાયેલા આવા જ એક મધ્યમવર્ગીય બેરોજગાર યુવાનના પરીવારની કફોડી પરિસ્થિતિને સમજી તેને કરિયાણાની કીટ પુડી પાડવામાં આવી છે.

## ભાટ મધરડેરી પાસેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર-એરપોર્ટ માર્ગ પર આવેલી મધર ડેરી નજીક પાર્ક કરેલા બાઈકની ઉઠાંતરી થવા પામી છે. ગાંધીનગરના બાસણ ગામનો યુવાન રાજુ લલ્લુભાઈ દેસાઈ તા.૨૩ જુલાઈના રોજ મધરડેરી ખાતે નોકરી ગયો હતો.ત્યારે બપોરના સુમારે તે પોતાનુ બાઈક નં. જ.જે.૦૧.એન.એસ.-૩૫૩૬ ડેરી બહાર રેસ્ટોરન્ટ પાસે પાર્ક કરીને ગયો હતો. સાંજના સાત વાગ્યાના અરસામાં તે નોકરી પરથી છુટીને બહાર આવ્યો હતો. ત્યારે પાર્ક કરેલી જગ્યા પરથી બાઈક ગાયબ હતું. પરંતુ યુવાન બાઈક ટોંઈગવાળા લઈ ગયા હશે તેમ સમજી શોધખોળ આદરી હતી. તેમ છતા બાઈક અંગે કોઈ પત્તો ન લાગતા તેણે અડાલજ પોલીસ મથકે બાઈક ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

## ચિલોડા પાસેથી વિદેશી દારૂ સાથે મુસાફર યુવક ઝડપાયો

### અંબાજી-અમદાવાદ જતી બસમાંથી ચંદ્રાલા ખાતે ૧૭ બોટલ મુસાફરના થેલામાંથી મળી

ગાંધીનગર, તા.૨૮

ચિલોડા-હિંમતનગર હાઈ વે પર ચંદ્રાલા ખાતે લકઝરી બસના મુસાફર પાસેથી ચિલોડા પોલીસને વાહન ચેકીંગ દરમિયાન ૨૪ બોટલ મળી આવી હતી. ચિલોડા પોલીસને રાત્રીના ૩ વાગે રાજસ્થાન તરફથી આવી રહેલી લકઝરી બસમાં મુસાફરનો સામાન ચેક કરતા યુવક પાસેથી આ દારૂ ઝડપાયો હતો. પોલીસે યુવકનુ નામ પુછતા રાજકોટનો સન્ની સુરેશભાઈ બલોખરીયા (ઉં.૨૬) જીવનગર રૈયા રોડ હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે રૂ.૧૪,૧૧૦ નો મુદ્દામાલ કબ્જે કરી યુવક સામે પ્રોહિ એકટ મુજબ ગુનોં નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જયારે યુવક દારૂ કયાંથી લાવ્યો હતો અને કયાં લઈને જઈ રહ્યો હતો તે દિશામાં પણ તપાસ શરુ કરી છે.

જયારે બીજા બનાવમાં ચિલોડા પોલીસ ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ કરી રહી હતી તે દરમિયાન બપોરના સુમારે અંબાજી થી અમદાવાદ જતી બસને રોકી ને તેમાં તપાસ હાથ ધરી હતી. જેમાં એક મુસાફરના થેલામાંથી વિદેશી દારૂની ૧૭ બોટલ મળી આવી હતી. પોલીસે મુસાફરનુ નામ પુછતા તે સુરેન્દ્રનગર બસ સ્ટેન્ડથી પાછળ રહેતો અમિત ધનજી પટેલ (ઉં.૩૧) હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે રૂ.૧૦,૭૫૬ ની કિંમતની ૧૭ બોટલ કબ્જે કરી પ્રોહી એકટ મુજબ ગુનોં નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## કુડાસણ સિમરાજ સોસાયટીના ગાર્ડ પર ત્રણ શખ્સોનો હુમલો

ગાંધીનગર, તા.૨૮

ન્યુ ગાંધીનગર કુડાસણ વિસ્તારમાં આવેલી સિમરાજ સોસાયટી ખાતે એન્ટ્રી માટે રજીસ્ટ્રેશન કરાવવાનું કહેતા સિકયુરીટી ગાર્ડ પર હુમલાની ઘટના સામે આવી છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગાડીને નંબરના આધારે ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ભરતકુમાર ગુમાનસિંગ રાવ (ઉં.૨૧) સીમરાજ સ્ટેટ્સ સાઈટ ખાતે સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. તા.૨૫ જુલાઈના રોજ સાંજના સુમારે એક કારને રોકીને એન્ટ્રી કરવાનું કહ્યું હતું. જેને પગલે જી.જે.૦૧.કે.જી. ૩૮૮૧ નંબરની કારના ચાલકે ઉતરીને ગાળાગાળી કરી હતી. ત્યારબાદ સિક્યુરીટી ગાર્ડને ગડદાપાટુનો માર માર્યો હતો. તેણે ફોન કરતા બીજા બે શખ્સો આવી પહોંચ્યા હતા અને તેમણે પણ સિક્યુરીટી ગાર્ડને માર માર્યો હતો. મારામારીના પગલે દોડી આવેલા સ્થાનિક નાગરીકોએ ગાર્ડને વધુ મારમાંથી બચાવ્યો હતો. જેથી બનાવના ત્રણ દિવસ બાદ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

## લોકડાઉનના કારણે થયેલી ગ્રામીણ યુવાનો-ખેડૂતોની દયનીય હાલત સામે સરકાર આર્થિક સહાય આપે

### જીંડવા ગામના અમરસિંહ ઝાલા દ્વારા મુખ્યમંત્રીને આવેદનપત્ર થકી યુવાનો તથા ખેડૂતોને આર્થિક સહાય પુરી પાડવા વિનંતી કરવામાં આવી

ગાંધીનગર, તા.૨૮

કોરોના મહામારીના પગલે એક તબક્કે સમગ્ર વિશ્વનું અર્થતંત્ર ઠપ્પ થઈ ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. હજુ પણ આ મહામારીનો ભરડો દિવસે દિવસે વધુને વધુ ભીંસાઈ રહ્યો છે. પરંતુ બીજી તરફ ગુજરાતમાં ધીમે ધીમે અનલોક-૧ અને ૨ અંતર્ગત ફરી અર્થતંત્ર ધબકતું થયું છે. જો કે આ મહામારીના કારણે ગ્રામીણ વિસ્તારના યુવાનો તથા ખેડૂતોનો પણ દયનીય હાલતમાં લાવીને મુકી દીધા છે જેનો અનુલક્ષીનો ગ્રામીણ વિસ્તારના યુવાનો દ્વારા સરકાર તરફથી આર્થિક સહાય મળે તેની અપેક્ષા સેવી રહ્યા છે. તાજેતરમાં આ બાબતે જીંડવા ગામના અમરસિંહ ઝાલા દ્વારા મુખ્યમંત્રીને આવેદનપત્ર થકી યુવાનો તથા ખેડૂતોને આર્થિક સહાય પુરી પાડવા વિનંતી કરવામાં આવી છે.

સમગ્ર વિશ્વમાં પ્રસરેલ કોરોના વાયરસના કારણે મોટા ભાગના દેશોમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં પણ લોકડાઉનની સ્થિતિ લાંબો સમય રહેવા પામી અને હજુ પણ સંપૂર્ણ અનલોક થતા સમય લાગશે તે સ્પષ્ટ જણાઈ રહ્યું છે. લોકડાઉનના કારણે વેપાર-ધંધા વગેરે પર ઘેરી અસર પડવાને કારણે મંદીનું વાતાવરણ સર્જાયું છે. અને ગ્રામીણ યુવાનોની નોકરીઓ છીનવાઈ ગઈ છે. આ સાથે જગતનો તાત કહેવાતો ખેડૂત પણ દયનીય સ્થિતિમાં આવી ગયો છે. આ જીવલેણ બિમારી રાજયમાં ઘર ઘર સુધી પ્રસરી ના જાય તે માટે તકેદારીના પગલાં લેવા અને લોકડાઉનમાં જે યુવાનોની નોકરી છીનવાઈ તેમને તથા ખેડૂતોને સરકાર દ્વારા આર્થિક સહાય કરવા ગ્રામીણ વિસ્તારમાં માંગ પ્રવર્તી રહી છે જેને દહેગામ તાલુકાના જીંડવા ગામના યુવાને મુખ્યમંત્રીને આવેદનપત્ર લખી વાચા આપી છે.




ગાંધીનગરમાં સાઈકલ શેરીંગનો પ્રોજેકટ ખૂબ જ વખણાયો છે. જો કે હાલમાં કોરોનાના કારણે લોકો ઘરમાંથી બહાર નીકળવાનું ટાળી રહ્યા છે ત્યારે આ સાઈકલનો ઉપયોગ ઓછો થઈ રહ્યો છે. ખૂબ જ ઓછા લોકો હવે આ સાઈકલ લઈ જાય છે. સવારે અને સાંજે એકાદ-બે વ્યકિતઓ જ તેનો ઉપયોગ કરતા હોવાનું જાણવા મળે છે.

**ચિરવિદાય**

- સ્વ. રસિકલાલ રામલાલ નાયક, ઉ.વ. ૮૬, મુ. ખોરજ, તા. ગાંધીનગર
- સ્વ. લીલાબેન વિઠ્ઠલભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૬૯, મુ. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. ભાવનાબેન વિનુભાઈ રાજકોટીયા, ઉ.વ. ૫૬, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. પટેલ કાન્તાબેન ગોરધનભાઈ, ઉ.વ. ૭૮, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. પટેલ પ્રહલાદભાઈ વનાભાઈ, ઉ.વ. ૭૩, ગામ રાજપુરા, તા. માણસા
- સ્વ. ગણપતભાઈ મગનભાઈ દતાણી, ઉ.વ. ૬૦, આદીવાડા, સે-૨૮
- સ્વ. પરમાનંદ બાબુરાવ ભાટકર, ઉ.વ. ૬૮, મુ. વાવોલ, ગાંધીનગર
- સ્વ. જીવણભાઈ ડાહ્યાભાઈ પરમાર, ઉ.વ. ૬૯, સેકટર-૧૩, ગાંધીનગર
- સ્વ. જોષી સુમનબેન પ્રિયવદન, ઉ.વ. ૭૨, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. સુરેશચંદ્ર ધનભાઈ વાઘેલા, ઉ.વ. ૬૪, સેકટર-૧૪, ગાંધીનગર
- સ્વ. દામોદરભાઈ દેવજીભાઈ સોલંકી, ઉ.વ. ૫૦, સેકટર-૨૦, ગાંધીનગર
- સ્વ. ઈન્દિરાબેન વસંતભાઈ ઠક્કર, ઉ.વ. ૬૨, મુ. દહેગામ, જી. ગાંધીનગર

# નગરજનો આ વર્ષે સાદી રાખડી પસંદ કરી રહ્યા છે

## બીજી તરફ ઓનલાઈન ટ્રેન્ડી રાખડી ખરીદવાનો ક્રેઝ વધ્યો

ગાંધીનગર, તા.૨૮

ભાઈ-બહેનના પવિત્ર બંધનનો તહેવાર રક્ષાબંધન આવી રહ્યો છે ત્યારે નગરમાં રક્ષાબંધનને લઈને તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. માર્કેટમાં રાખડીનું વેચાણ મોડા મોડું શરૂ થયું છે પરંતુ કોરોનાની આ મહામારીમાં દર વર્ષ જેટલો માહોલ આ વર્ષે નગરમાં મંદ છે. એક બાજુ ઓનલાઈન રાખડી ખરીદવાનો ટ્રેન્ડ આ વર્ષે વધ્યો છે પરંતુ રૂબરૂ રાખડી ખરીદવાનું ચલણ આ વર્ષે ઘટયું છે. સાથે હોમ મેડ રાખડીનું ચલણ આ સમયમાં વધ્યું છે.

કોરોનાને કારણે નગરમાં શ્રાવણ માસને સંદર્ભે મંદિરમાં પૂજા અર્ચના થતી નથી. રથયાત્રા પણ જાહેરમાં આ વર્ષે નગરમાં નીકળી નથી ત્યારે હવે રક્ષાબંધન આવનાર છે અને નગરમાં દર વર્ષે તો રક્ષાબંધન આવે ત્યારે પંદર દિવસ પહેલાં જ તૈયારીઓ શરૂ થઈ જાય છે. રાખડીઓ મળવાની શરૂ થઈ જાય છે અને જવેલર્સને ત્યાં પણ ખાસ ચાંદીની રાખડીઓ ખરીદવા માટે ભીડ જણાય છે ઉપરાંત બહેનો માટે ભેટ ખરીદવા માટે પણ નગરજનો ઉત્સુક જણાય છે. પરંતુ આ વર્ષે રક્ષાબંધનને લઈને નગરના માર્કેટનો માહોલ મંદ જણાય છે. નગરજનો રાખડીની ખરીદી પહેલા કરતા ત્યારે કવોલીટી અને ટ્રેન્ડ જોતા અને હાલ એક વર્ગ એવો છે જે બિન્દાસ રાખડીની ખરીદી કરી રહ્યો છે પરંતુ ઓનલાઈન અને બીજો વર્ગ છે જે સાદગી તરફ વળ્યો છે. જે થ્રેડ (દોરા)થી હોમ-મેડ રાખડી ભાઈ માટે બનાવી કોરોનાથી સુરક્ષા કરવામાં માની રહ્યો છે એટલે થ્રેડનું વેચાણ વધ્યું છે. પહેલા સિમ્પલ રાખડી તરફ કોઈ જોતું ન હતું. વીસથી ત્રીસ ટકા વર્ગ જ સિમ્પલ રાખડી ખરીદતો આજે એ પચાસ ટકા સુધી પહોંચ્યો છે. ઉપરાંત બીજો વર્ગ બિન્દાસ રીતે ટ્રેન્ડી રાખડીની ખરીદી કરી રક્ષાબંધનની તૈયારી કરી રહ્યો છે. નગરના માર્કેટમાં રાખડીનું વેચાણ કરતા વેપારીઓને આ બાબતે પૂછતા તેઓ જણાવે છે કે દર વર્ષે રક્ષાબંધન આવવાના અઠવાડિયા અગાઉ રાખડીની ખરીદી માટે ભીડ જામી જાય છે પરંતુ આ વર્ષે પચાસ ટકાથી વધુ નગરજનો હજી રાખડી ખરીદવા આવ્યા નથી. આમેય નગરનું રાખડી બજાર આ વર્ષે કોરોનાને લીધે મંદ રહેશે તેમ લાગી રહ્યું છે.




